#019

📚 શીખવું..😃

“શીખ્યા વગર જે અઠવાડિયું પૂરુ થાય, એ અઠવાડિયું અધૂરું ગણાય.”

એક ક્ષણ વિચારો…
જો આખું અઠવાડિયું પસાર થઈ જાય અને આપણે કંઈ નવું શીખ્યા જ ન હોય, તો શું આપણે આગળ વધ્યા કહેવાય?

સમય તો પસાર થયો, પણ વિકાસ થયો કે નહીં — એ પ્રશ્ન છે.

શીખવું એ માત્ર ડિગ્રી કે ટ્રેનિંગ સુધી સીમિત નથી.
એક નવી વિચારધારા, એક ભૂલમાંથી મળેલો પાઠ,
કોઈ સહકર્મી પાસેથી શીખેલી નાની ટેકનિક —
આ બધું પણ “Learning” જ છે.

દર અઠવાડિયે પોતાને એક પ્રશ્ન પૂછો:
“આ અઠવાડિયે હું ગઈકાલ કરતા શું વધુ જાણું છું?”

જો જવાબ મળે — તો અઠવાડિયું પૂર્ણ છે.
ન મળે — તો એ અઠવાડિયું ફક્ત પસાર થયું છે, જીવાયું નથી.

મિત્રો યાદ રાખીએ,
જે શીખે છે એ આગળ વધે છે,
અને જે આગળ વધે છે એ જ સફળ બને છે.

આ અઠવાડિયે કઈક નવું શીખવાનો સંકલ્પ લઈએ —
કારણ કે અધૂરું અઠવાડિયું…
અધૂરી પ્રગતિ તરફ લઈ જાય છે અને શીખેલું અઠવાડિયું સંપૂર્ણ પ્રગતિ તરફ..